# કાંકરીયા મણીનગર નાગરીક સહકારી બેંક લીં
રીકવરી વિભાગ,૧૦૧,પહેલોમાળ,જ્યુપિટર હાઉસ,ઝેડ બ્લ્યુ શોરુમની સામે,
મણીનગર ચાર રસ્તા,અમદાવાદ.8.
ફોન નઃ.(079) 25460815,25462763.M:9274685345

## -ઃહરાજીની શરતોઃ-

હું,................................,ગુજરાત સરકાર અધિકૃત અધિકારી,કાંકરીયા મણીનગર નાગરીક સહકારી બેંક લી.,ભગવાન ચેમ્બર્સ,મણીનગર ચાર રસ્તા,અમદાવાદ,ગુજરાત સહકારી મંડળી અધિનિયમના સુધારાઃ2002 મુજબ સહકારી કાયદાની કલમ 159 નિયમ 96 થી 139 હેઠળ,મને મળેલ સત્તા અન્વયે "દિવ્ય ભાસ્કર" વર્તમાનપત્રમાં તાઃ ૦૮.૦૫.૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરાવેલ જાહેર હરાજીની નોટીસ મુજબ કાર્યવાહી કરુ છું અને જાહેર હરાજીની શરતો વાંચી સંભળાવુ છું જે નીચે મુજબની છે.

(1). પેરાઃ 2 મુજબની સ્થાવર મિલકત હાલ જે સ્થિતિમાં છે,તે સ્થિતિમાં તેમજ માલીકના જેવા હક્ક હીત ટાઇટલ છે.તેવા સાથે તેનુ વેચાણ કરવામાં આવશે.

(2) **<u>મિલકતની વિગત.:</u>**

ડીસ્ટ્રીક્ટ સબડીસ્ટ્રી.

**<u>મિલકતનું ખુંટ વર્ણનઃ</u>**

પુર્વઃ
પશ્ચિમ.ઃ
ઉત્તર.ઃ
દક્ષિણ.ઃ

આ મિલકતની અપસેટ પ્રાઇસ રુઃ**............/-** અંકે રુપિયા.. . . . . . . . પુરાની નક્કી થયેલ છે.એટલે તે રકમ કરતાં ઓછી રકમની બોલી સ્વિકારવામાં આવશે નહી.

(3). સદરહુ સ્થાવર મિલકત જ્યાં છે તેમ છે.જે હાલતમાં છે.તે અને મિલકતનાં માલિકનાં જેવાં હક્ક,હિત કે ટાઇટલ છે.તેને અધિકૃત અધિકારીશ્રીએ ટાંચમાં લીધેલ છે./પ્રત્યક્ષ કબજો મેળવેલ છે.

(4). દરેક હોડ બોલનાર ખરીદનારની બોલીની રકમનો વધારો રુ.૧૦,000/-થી ઓછો હોવો જોઇએ નહી.

(5). સૌથી વધુ રકમની હોડ બોલનાર પછી કોઇ બોલનાર નહીં હોયતો એક,બે,ત્રણ કરી હોડ બંધ કરવામાં આવશે.

(6). સૌથી વધુ રકમની હોડ બોલનાર ખરીદનારે બોલીની રકમના 15% ની રકમ તુરંતજ રોકડમાં આપવાની રહેશે અને બાકીની 85% રકમ પંદર દિવસની મુદતમાં આપવાની રહેશે.પરંતુ ખરીદનાર જો વિનંતિ કરશેતો આ મુદત વધારે 15 દિવસ લંબાવી આપવામાં આવશે.જો સૌથી વધુ હોડ બોલનાર ખરીદનાર રકમ ભરી શકે તેમ ના હોયતો તુરંતજ ફરીથી હરાજી કરવામાં આવશે અથવા તો હરાજી ફરીથી સાત દિવસની મુદત દરમ્યાન ગમેતે દિવસે કરવામાં આવશે.

(7). જો ખરીદનાર બાકીની 85% રકમ 15 દિવસમાં નહી ભરેતો અનામતની રકમ જપ્ત કરવામાં આવશે અને ભરેલ રકમમાંથી વસુલાત અંગે થયેલ ખર્ચ કપાત કરી બાકીની રકમ જપ્ત કરવામાં આવશે અને બેંકની હસ્તક મુકવામાં આવશે.વધુ બોલી બોલનારનો મિલકત ખરીદવાનો કોઇ હક્ક રહેશે નહી.

(8). આમ ખરીદનારની કસુરના કારણે ફરી વેચાણ કરવું પડેતો તેનાથી જે કાંઇ ઓછી કિંમત ઉપજેતે,તથા તેવા ફરી વેચાણને લીધે થયેલ તમામ ખર્ચ,કસુર કરનાર ખરીદનાર પાસેથી વસુલ કરવામાં આવશે,બીજા વેચાણ વખતે મિલકત પહેલાં વેચાણ કરતાં વધારે કિંમત વેચાય ત્યારે તે વેચાણ વખતે કસુર કરનાર ખરીદનારને તફાવતની અથવા વધારાની રકમ માટે કોઇ હક્ક રહેશે નહી.

(9). ખરીદનારે વેચાણ દસ્તાવેજના સ્ટેમ્પ પેપર ઉપર મંજુર થયેલ વેચાણ કિંમત પર ભરવાની થતી સ્ટેમ્પ ડયૂટી અગર હરકોઇ રીતે સીધી કે આડકતરી રીતે ભરવી પડતી તમામ પ્રકારની સ્ટેમ્પ ડયુટી સહીતનો તમામ ખર્ચ મિલકત અંગેનો કે પહેલાંનો કે ભવિષ્યનો કોઇપણ મ્યુનિસિપલ ટેક્ષ,સરકારીઅર્ધ-સરકારી કર,ટેક્ષ,વેરો,સોસાયટીના વહીવટી ફાળાની રકમ તથા સોસાયટીના ધારાધોરણ મુજબની ટ્રાન્સફરફી વિગેરે ભોગવવાનો રહેશે.

(10). વેચાણ અધિકારી કોઇ કારણોસર યોગ્ય લાગેતો હરાજી મોકુફ બંધ રાખી શકશે.હરાજી મોકુફ કે બંધ રાખવાનો તેને અબાધીત અધિકાર રહેશે.

(11). સૌથી વધુ હોડ બોલનારે ખરીદીની તમામ રકમ ભરી દીધી હોય તેમછતાં પણ વેચાણ માન્ય રાખવુ કે કેમ ? તેની સત્તા વસુલાત અધિકારીશ્રીને રહેશે અને આ બાબતમાં કોઇપણ જાતનો વાંધો કે તકરાર ચલાવી લેવામાં આવશે નહી.
(12). વસુલાત અધિકારીશ્રી વેચાણને માન્ય રાખે છતાં પણ જો વેચાણ દસ્તાવેજ થયો ના હોય તો તેમને યોગ્ય લાગેતો વેચાણ રદ કરી શકશે.
(13). મિલકત ખરીદનારે તમામ રકમ ભરી આપેલ હોય અને વસુલાત અધિકારીએ વેચાણ માન્ય રાખ્યુ હોય પરંતુ વેચાણ દસ્તાવેજ થયો ના હોય તે પહેલાં વેચવામાં આવેલી મિલકતના માલીક કે અન્ય હીત ધરાવનાર વ્યકિત બેંકની તમામ લ્હેણી રકમ જપ્તી વેચાણના ખર્ચ સહીતની રકમ અનામત મુકીને વેચાણ રદ કરાવવા અરજી કરશેતો કાનુન નં.:127 અન્વયે વસુલાત અધિકારીશ્રી વેચાણ રદ કરતો હુકમ કરી શકશે.
(14). મિલકત ખરીદનાર વસુલાત અધિકારીશ્રીના પ્રમાણપત્રના આધારે ખરીદનાર સ્થાવર મિલકતનો કબજો કાનુન નં.:129 મુજબ લઇ શકે છે.
(15). વેચાણ અધિકારીશ્રી તેમજ વસુલાત અધિકારીશ્રીના વેચાણ સંબંધી નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે,તેમાં કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.
(16). સદરહુ હરાજીમાં ભાગ લેનારાંઓએ હરાજી શરું થયાનાં ૩૦મીનીટ પહેલાં હરાજીમાં ભાગ લેવાં માટે પોતાની સંપુર્ણ વિગત સહિતની અરજી સાથે જમાં કરાવેલી અર્નેસ્ટમની પેટેની રોકડરકમ **<u>રૂ.૨0000 /-</u>** જો હરાજીમાં સફળ થશે તો હરાજીમાં ખરીદેલ મિલકતની કિંમતં પેટે જમાં લઇ લેવામાં આવશે.પરંતું જો હરાજીમાં અસફળ રહેશે તો તેઓએ અગાઉ જમાં કરાવેલ અર્નેસ્ટ મની પેટેની રકમ વગર વ્યાજે પરત કરવામાં આવશે.જે રકમ મળ્યેથી તરતજ તેની પહોંચ(હરાજીમાં ભાગ લેનારે પોતપોતાની અરજી નિષ્ફળ થયેલ છે તે મતલબની સહી કરીને અર્નેસ્ટમનીની જમાં કરાવેલ રકમ પરત મેળવી લેવી.) બેંકનાં અધિકૃત અધિકારીશ્રીને આપવાની રહેશે. અર્નેસ્ટમની પેટે જમાં કરાવેલ રકમ અંગે કોઇપણ પ્રકારનો બિનજરુરી ચર્ચા કે વાદવિવાદ ઉભો કરવો નહી.

**<u>ખાસ નોંધ:</u>** હરાજીની પ્રક્રિયા સરળ બને તે હેતુંથી હરાજીમાં ભાગ લેનારાંઓ સાથે વહીવટી અનુકુળતાં તેમજ હરાજીના સ્થળે વ્યવસ્થા સચવાય તેથી બેંકનાં વસુલાત અધિકારીશ્રીએ (જે તે મિલકતની હરાજીનાં સમય પુરતી ફક્ત એક દિવસ પુરતી) ફક્ત અને ફક્ત હરાજીનાં દિવસ દરમ્યાન જ આ અર્નેસ્ટમની પેટેની બેંકમાં જમાં કરાવેલ રકમ તે જ જેતે હરાજી પેટે હરાજીનાં દિવસે પરત લઇ લેવાની રહેશે.અન્યથા બેંકનાં વસુલાત અધિકારીશ્રીનો નિર્ણય માન્ય રાખવાનો રહેશે.પાછળથી કોઇપણ પ્રકારની તકરાર ચલાવી લેવામાં આવશે નહી.જેની નોંધ લેવી.

ઉપર મુજબની જાહેર હરાજીની શરતો કાંકરીયા મણીનગર નાગરીક સહકારી બેંક લી.,ના સેલ ઓફીસર શ્રી............................. એ હરાજી શરુ કરતાં પહેલા હોડ બોલનાર હાજર........સમક્ષ અમારી રુબરુ વાંચી સંભળાવેલ છે.જેની સાક્ષી તથા કબુલ મંજુરી બદલ અમો આ નીચે પ્રમાણે સહી કરી આપીએ છીએ.

| અનુ. નં | નામ. | સરનામુ. | ઉમર | સહી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

મુ.:અમદાવાદ.સ્થળ: હેડ ઓફીસ.
તા.: સમય.:

**<u>રુબરુ.</u>**

અધિકૃત અધિકારીશ્રી- વસુલાત અધિકારીશ્રી,
કાંકરીયા મણીનગર નાગરીક સહકારી બેંક લીં
મણીનગર અમદાવાદ